શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૨
અંક : ૧


| | |
|---|---|
| પર્યાવરણ | ૧ |
| દુ:ખ અને સુખ | ૩ |
| એનએસએસકેમ્પ | ૩ |
| બીટી રીંગણ | ૪ |
| દિકરી | ૬ |
| ગંગાબા | ૭ |
| સમયનો સદ્‌ઉપયોગ | ૮ |


## પર્યાવરણની સુરક્ષા આપણાં હાથની વાત

આપણી આસપાસ જોઈ શકાય અને અનુભવી શકાય તેવી તમામ ભૌતિક બાબતોના સયુંકત સ્વરૂપને પર્યાવરણ કહી શકાય.

સ્વસ્થ પર્યાવરણ શુધ્ધ હવા, નિર્મળ જળ ભંડારો, પુરતી વનરાજી, સમગ્ર જીવ સુષ્ટી એ તમામનો સમાવેશ થાય છે. નિશ્ચિત કુદરતી ઘટનાક્રમથી આ બધી બાબત એકબીજા સાથે સંકળાયેલી છે. જયા સુધી એ કુદરતી ઘટનાક્રમ વિક્ષેપ વિના ચાલ્યા કરે ત્યાં સુધી પર્યાવરણ સમતોલ રહે છે–સ્વસ્થ રહે છે.

માનવી જીવસુષ્ટીનો સર્વોપરિ છે, તેથી પૃથ્વી નો માલિક છે. સામ્રાજયના અન્ય ઘટકોનું પાલન કરવું અને રક્ષણ કરવું એ તેની સામાન્ય ફરજ છે. પરતું માલિક હોવાથી પોતાની સુખાકારી અને પોતાનો વિકાસ સાધવાની તીવ્ર દોડ દોડવામાં ફરજ ચુકયો છે. યુગનો વિકાસ તેણે ખુબ ઝડપી કર્યો તો તેને કારણે દુષિત થતુ વાયુમંડળ અને દૂષિત થતા જળભંડારોનુ તેણે કશું જ ન કર્યુ. આવાસ અને ઈમારતો પુષ્કળ ઉભા કર્યા પણ તેમ કરવામા જે અમાપ જંગલો કપાયા, તેનો વિસ્તાર ઘટયો તે તરફ તેનું ઘ્યાન ન રહયુ. વનોમા વપરાશ માટે કરકસરની કોઈ નિતી તેણે રાખી નહી. તેથી તેના વપરાશ માટેની વસ્તુ ખુટી. એટલુજ નહી પણ ઉપયોગી અન્ય વન્ય જીવો સમુળગા નાશ પામ્યા.

આ બધી હરકતો ના દુષ્પરિણામો ધીરે ધીરે પણ મક્કમતાથી માથું ઉચકવાં લાગ્યા. ત્યારે માનવીના પશ્યાતાપનો કોઈ પાર રહયો નહી. જળ અને વાયુ પ્રદુષણ થતા અનેક અસાઘ્ય રોગો કાયમી ઘર કરી ગયા. વાયુ મંડળમાં અંગાર વાયુનુ પ્રમાણ કુદરતી પ્રમાણ કરતા વધવાથી ઉદભવેલ 'ગ્રીન હાઉસ ઈફેકટ' થી પૃથ્વી સમગ્રનું ઉષ્ણતામાન સામાન્ય કરતા

માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦

*જોખમ તો દરેક કામમાં છે પણ કશું નહિ કરવામાં વધુ છે.*

સહેજ ઉચુ ગયું. અને તેની સમગ્ર ૠતુંચક્ર પર અવળી અસર થઈ. વૃક્ષોની રક્ષક છત ગુમાવતા હજારો ટન ફળદ્રપ માટી તે ખોઈ ચુકયો. વળી આ માટી જળ સ્ત્રોતમાં એકઠી થતા જળ ભંડારણ ઘટી ગયુ અને પુર હોનારતો વધી. વર્ષાના નિયમનુ ચક્ર ફર્યુ તેથી દુષ્કાળ અને અતિવૃષ્ટિ બન્ને દુષણો વધ્યા. રસાયણયુકત વાયુ પ્રદુષણથી 'એસિડ રેઈન' અને હોનારતો વધી. ખેતી પાકો અને જમીનોનું ઉલટાનુ નુકશાન થયુ. ઉપયોગી જીવજંતુ ઉપર માઠી અસર થઈ, તો સાથે નુકસાન કર્તા જીવજતુંઓની સંખ્યા અને પ્રતિકાર શકિત વધી. આમ પર્યાવરણ ક્ષેત્ર દરેક બાબતમા દુ:ખદ બનતુ ગયુ.

પરતું 'હા પસ્તાવો વિપુલ ઝરણું......' વાળી ઉકિતની જેમ હવે આપણે પણ જાગીયા છીએ. તેથી પર્યાવરણ રક્ષણની જવાબદારી પણ આપણા સૌની છે.

વધુ ને વધુ વૃક્ષો વાવીએ, વાવેલા વૃક્ષોનું છેવટ સુધીનું જતન કરીએ. શકિતસ્ત્રોતો જેવાકે વિજળી, ખનીજતેલ, લાકડું વગેરે નો ઉપયોગ ખુબ કરકસરથી કરીએ તેનો બગાડ અટકાવીએ. અવેજીમા વપરાતા ઉર્જાસ્ત્રોતોનો ઉપયોગ વધારવાની ટેવ પાડીએ, પર્યાવરણ ને નુકસાન કરતી બાબતો અને વ્યકિતઓને સમાજમા ખુલ્લા પાડવા હિમ્મત કેળવીએ, બાળકોમા પ્રકૃતિ પ્રેમ અને રક્ષણનું જ્ઞાન વધારીએ. અઠવાડીએ કે મહીનામાં એક દિવસના 'ઉર્જા ઉપવાસ' કરી તે દિવસે ઉર્જા ન વાપરીએ, બગાડ તરીકે ફેકી દેવાતા કચરા માંથી ફરી બનતી 'રિસાયકલ્ડ' જેવા સ્ત્રોતો વાપરવાનુ અને ઉત્પન કરવાનું પ્રમાણ ખુબ વધારીએ. જલ સ્ત્રોતો નો બગાડ અટકાવીએ તો પર્યાવરણ સુરક્ષા જેવી અતિ જટિલ સમસ્યાને સરળતાથી કાબુ કરી શકાય તેવો આત્મવિશ્વાસ જરૂર જન્મશે.

– કેતન આહીર

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૬,૭ | એસકેવાવ રિવ્યુ મીટીંગ, રાજુલા |
| ૮,૯ | પ્રવાહ રિઝનલ કાર્યશાળા, ભાવનગર |
| ૯ | એનએસએસ કેમ્પમાં હાજરી, ભાડ |
| ૧૨ | રાજય સ્તરીય વર્કશોપ, અમદાવાદ |
| ૧૫ | અસર વાર્ષિક રિપોર્ટની મીટીંગ, દિલ્હી |
| ૧૫,૧૬ | ડીઆરઆર મિટીંગ, અમદાવાદ |
| ૧૬ | રીહેબીલીટેશન અંગેની મિટીંગ,અમરેલી |
| ૧૮ | વીએચએસસી સમિક્ષા બેઠક, અમદાવાદ |
| ૧૮ | વોલંટરી સેકટર બેઠક, અમદાવાદ |
| ૧૯ | વર્ષાવીમા આયોજન મીટીંગ, બોપલ |
| ૨૦ | ખેડૂત તાલીમ લોધીકા, વાંકાનેર |
| ૨૧ | એસએસકેકે બોર્ડ મિટીંગ, અમરેલી |
| ૨૫,૩ | પ્રવાહ અભિયાન,ખાંભા |
| ૨૮,૨૯ | વીએચએસસીની તાલીમ, ખડાધાર |

મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુરમા બીઆરએસ માં અભ્યાસ કરતી ૪ બહેનોએ કેન્દ્રનિવાસ કર્યો.

**પુરૂષાર્થ એવી ચાવી છે જે ભાગ્યના દરવાજા ખોલી આપે છે.**

## દુઃખ અને સુખ સિકકાની બે બાજુ

દરેક વ્યકિતના મનમાં એક વાત હંમેશા સતાવ્યા કરે છે કે સારુ અને સુખી જીવન કઈ રીતે જીવવુ આવુ જીવન જીવવા માટેની સાચી રીત કઈ છે ? સાચી રીત છે સુખમાં છલકાવવુ નહી અને દુઃખ માં રડવુ નહી. ગમે તેવુ દુઃખ આવે તેનો હિંમતથી સામનો કરવાથી તે અવશ્ય દુર થાય છે. માનવ જીવન એક ચક્ર સમાન છે જે ફર્યા જ કરે છે, કયારેક દુઃખ તો કયારેક સુખ આવી પડે છે.

પુર્ણ માનવી એ કહેવાય કે તેમની પાસે જે કાઈ પણ સાધન–સામગ્રી, ધનદોલત, શરીર વગેરે ઈશ્વરનુ થાપણ રૂપ છે, સેવા અર્થે જો આનો ઉપયોગ કરવામાં આવે કે કોઈ પણ દુઃખી વ્યકિતને જોઈએ તો તેને શકય હોય તેટલી મદદ કરવી, તેના પ્રત્યે સહાનુભુતી દર્શાવવી તેનુ દુઃખ દુર કરવા મદદ કરવી ત્યારેજ થાપણ રૂપ માનવ શરીરનો યોગ્ય ઉપયોગ થયો છે એવુ વિચારીને ઈશ્વર પણ રાજી થશે અને આશીર્વાદ આપશે. તેમજ કોઈ પણ સમૃધ્ધ વ્યકિતને જોઈને તેના પ્રત્યે ઈર્ષા–અદેખાઈ ન કરતા તેને સન્માનથી જોવા તેના ગુણોને જીવનમાં અવશ્ય ઉતારવા અને તેના જેવુ બનવા પ્રયત્ન કરવા એ જાણવુ કે તેનામા એવી શુ બાબત છે જે મારામાં નથી, તેની કોઈ વિશેસતાને કારણે તેને આટલી બધી સમૃધ્ધી પ્રાપ્ત થઈ છે આપણે એવુ વિચારતા નથી. આપણે દુઃખી વ્યકિત ને જોઈને સહાનુભુતી તો દર્શાવીએ છીએ. પરંતુ સુખી વ્યકિતને જોઈને પ્રસન્નતા નથી દર્શાવતા પરંતુ ઈર્ષા–અદેખાઈ, નીંદા કરવા લાગીએ છીએ તથા હદયમાં તેના પ્રત્યે કડવાહટ રાખીએ છીએ. કારણકે આપણે એવુ માનીએ છીએ કે આ વ્યકિતીએ સમૃધ્ધી સસ્તામાં મેળવી છે, નસીબથી મેળવી છે અથવા છળકપટથી મેળવી છે. સમૃધ્ધી પ્રત્યે મોટા ભાગની વ્યકિતઓ આવોજ અભીપ્રાય આપે છે. તેની પાછળ તેમણે પરીશ્રમ કેટલો કર્યો છે તે આપણને દેખાતુ જ નથી, તે માટે જ સુખી વ્યકિતને જોઈને ખુશ થતા શીખો અને તેના જેવા બનવા પ્રયત્ન કરો જુઓ જીવન આનંદથી ખીલી ઉઠશે.

**સંકલન–પાયલ માલવિયા**

## એનએસએસકેમ્પ

અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના ભાડ ગામમાં અમરેલી કોમર્સ કોલેજના વિધાર્થીઓ દ્વારા એનએસએસકેમ્પ યોજાયો જેમાં પ્રો. જે. એમ. તળાવીયાની આગેવાની હેઠળ ૪૨ બહેનોએ ભાગ લીધો તારીખ ૯/૧/૨૦૧૦ના દિવસે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થાના સંચાલક, ટીમના સભ્યો, કેન્દ્રનિવાસના વિધાર્થીઓએ સાથે મળી રમતો તથા કલાસરૂમ સેશન દ્વારા જેન્ડર અને સ્ત્રી હિંસાના મુદાઓ સમજવા પર કાર્યવાહી કરી હતી.

***પ્રભુ 'સારા' નહિ પણ 'મારા' લાગે ત્યારે ધર્મની શરૂઆત થાય.***

## બીટી રીંગણ

- રીંગણ ઉગાડતા ૬૦ ટકા ખેડુતો દ્વારા 'બીટી રીંગણ' નો વિરોધ.
- બીટી રીંગણની તરફેણ કરનારાઓ પંચમહાલથી અને રાજસ્થાનથી બસો ભરીને આવ્યા હતા.
- બીટી રીંગણ નો વિરોધ કરનારાઓ મોટી સંખ્યામાં પ્લેકાર્ડસ પોસ્ટર્સ અને બીટી રીંગણની ઠાઠડી સાથેની હાજરી.
- પોતાનો મત પ્રગટ કરતાં આણંદની કૃષિ યુનિવર્સિટીના એક કૃષિ વૈજ્ઞાનિકે બીટી રીંગણ સામે વિરોધ વ્યકત કર્યો હતો.
- બે વૈજ્ઞાનિકોએ કૃષિ યુનિવર્સિટીના પરીક્ષણોના આધારે બીટી રીંગણની તરફેણ કરી હતી.
- એમ.એસ. યુનિ. ના સંબંધિત પ્રોફેસરે બીટી રીંગણનો તાર્કિક કારણો દર્શાવી વિરોધ કર્યો હતો.
- કેન્દ્રિય મંત્રીએ આ વૈજ્ઞાનિકોને પોતાના પરીક્ષણો અંગે લોકોને સમજ આપવાનું સૂચન કર્યુ હતુ.
- ગુજરાત વિદ્યાપીઠનાં શ્રી સુદર્શન આયંગરે કહયુ કે બીટી રીંગણને મંજુરી માટે જીઈએસીમાં લઈ જવામાં આવે તે જ દર્શાવે છે કે આ પાકમાં કશુંક વાંધા જનક હોઈ શકે.
- બીટી કોટન શરૂઆતમાં સારૂ ઉત્પાદન આપતુ હતું પરંતુ વર્ષ પ્રતિવર્ષ તેનું ઉત્પાદન વીસ ટકાના દરે ઘટી રહયુ છે.
- બીટીકોટન આવ્યા બાદ હાઈબ્રીડ અને દેશી કપાસની નવી જાતોનું સંશોધન બંધ થઈ ગયું.
- કપાસનું ૬૦ ટકા બિયારણ માર્કેટ મોન્સેન્ટોને હસ્તક થઈ ગયું છે.
- સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીમાંથી આવેલ વડેરાએ પોતાનો અનુભવ વહેંચતા કહયું હતું કે તાજેતરમાં તેમના ઈટલીથી મહેમાન આવ્યા હતા અને રીંગણનુ શાક ખાવા આપ્યું તો તેમણે પૂછયું કે શું આ રીંગણ બીટી નથી ને ? જયારે તેમને ખાત્રી કરાવી કે બીટી નથી પછી જ તેમણે ખાધુ.
- કે. જી. મહેતા નામના કૃષિ વૈજ્ઞાનિકે કહયુ કે આજે બજારમા જોઈએ એવું રીંગણ મળે છે પરંતુ બીટી આવતા વિવિધતાઓ લુપ્ત થશે.
- રાજકોટથી આવેલા પૂર્વ સાંસદ મહિલાએ બીટી રીંગણથી ભડથું બનાવા અંગે અનિચ્છા વ્યકત કરતા કેન્દ્રીય મંત્રીએ પૃચ્છા કરી હતી કે બીટી રીંગણથી ભડથું ન બને ?
- ભાઈકાકાનાં પૌત્ર સર્વદમનભાઈ એ કહયું કે ઓર્ગેનીક રીંગણ પકવતા ખેતરની આસપાસ પણ કોઈ બીટી રીંગણ વાવશે તો તેની અસર ઓર્ગેનીક પાક પર વિપરીત રીતે પડશે આવામાં ઓર્ગેનીક નિર્દોષ ખેતી કરનારાઓ પર બીટી રીંગણ આફત નોતરશે.
- બીટી રીંગણ એક ઈયળ સામે રક્ષણ આપશે પણ બીજી જીવાતો માટે તો જંતુનાશક દવા છાંટવાની રહે જ છે.

***જે પોતાની જાત પર હસી શકે તેને કોઈ રડાવી નથી શકતું.***

- એક ખેડૂતે તેની ભેંસો બીટીકપાસનો ચારો નથી ખાતી એમ કહી ને ઉમેર્યુ હતુ કે બી ટી કપાસ પછી જમીન પર વિપરીત અસર પડી.
- દિનેશ પટેલ નામના સજીવ ખેતીના ખેડુતે કહયુ કે આપણી સમજ નાની છે પણ કુદરતની લાંબી છે. માણસે જજ બનીને કુદરત સાથે છેડછાડ ન કરવી જોઈએ.
- જસદણના ખેડૂતે કહયુ કે બીટી કપાસમાં બે – ત્રણ વર્ષ બાદ હવે પહેલા જેટલી જ દવા છાંટવી પડે છે.
- ખેડૂત મહિલા જશીબેને કહયું કે બહેનો ગામમાં બિયારણ લોઢાવીને કમાય છે એના સ્થાને બીટી આવતા એક કંપની જ બધુ કમાશે.

  બીટીથી વધુ ઉત્પાદન મળેતો કોઈ ખેડૂત પોતાના દિકરાને આઈઆઈએમમાં નથી ભણાવી શકવાનો.
- કેટલાક પર્યાવરણવાદીઓએ દવાના પરીક્ષણની રાહ બીટી રીંગણના પરીક્ષણની માંગણી કરી હતી.
- કેટલાકે પ્રશ્ન ઉઠાવ્યો કે શું બીટી રીંગણ અને સાદા રીંગણ અલગ અલગ છાજલી પર વેચાય એવું બની શકશે ? આવુ ન બની શકવાની સ્થિતિમાં જેમણે બીટી રીંગણ નથી ખાવા તેમણે પણ ખાવા પડશે. આપણી સંસ્કૃતિમાં ખોરાક અને ઔષધિ જુદા નથી.
- એક તબીબે બીટી રીંગણથી આગળ જતા કેન્સર વકરવાની સંભાવના શોધના આંકડા સાથે રજૂ કરી હતી.
- ગુજરાતમા બી ટી રીંગણના જીનેટીક ટેસ્ટીંગ માટે લેબ નથી.
- તેમા વપરાયેલુ ક્રાઈવન એસીજીન માનવીના શરીરમાં કેન્સરના જીવાણુ પેદા કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

(બીટી રીંગણને મંજુરી આપવી કે ન આપવી એ વિશે કેન્દ્રિય મંત્રી જયરામ રમેશે એએમએ ખાતે તા.૧૯/૧/૧૦ના રોજ યોજેલ લોકસંવાદમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ખેડુતોએ ઉપર મુજબ પોતાના મત વ્યકત કર્યા હતા પ્રસિદ્ધ થયેલ તા. ૨૦ તથા ૨૯/૧/૧૦ના ગુજરાત સમાચાર ની સંકલીત નોંધ સાભાર રજુ કરી છે.)

**પ્રવાહ અભિયાન**

પ્રવાહ અને વાસ્મો દ્વારા સંયુકત રીતે " પાણી અને સ્વચ્છતાનું સ્વાવલંબન–આપણો અધિકાર, આપણી જવાબદારી " ના નામથી સ્થાનિક સ્ત્રોતોની જાળવણી અને વિકાસ બાબતે યોજેલ અભિયાન માં ખાંભા તાલુકામાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ના સહયોગથી ૨૩ જાન્યુઆરી થી કુલ ૬ ગામમાં લોકોને પાણીની સ્વચ્છતા વિશેના વિવિધ કાર્યક્રમો જેવાકે રેલી, મીટીંગ, સાહિત્ય વિતરણ, હરિફાઇ, વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, એફજીડી, પદ ચલન દ્વારા કાર્ય હાથ ધર્યુ છે.

***વિચાર ગમે તેટલો સુંદર હોય પણ તે આચાર વગર નકામો છે.***

## દિકરી

સંતાનોનું શૈશવ એટલે દરેક માતા–પિતા નો વાત્સલ્યનો અવિરત ઝરમરતો હુંફાળો લાગણીઓનો વરસાદ અને તેમાય જો પુત્રીનું બાળપણ હોયતો અનેરો આનંદ પ્રાપ્ત કરવાનો ગૃહસ્થી જીવનનો લ્હાવો.

આજે શિક્ષિત અને અશિક્ષિત સમાજ ઘણો જાગૃત થયો હોય તેવું લાગે છે. પુત્ર જ હોવો જોઈએ એવો એક દ્રષ્ટિકોણ બદલાયો છે. વારસદારની ઘેલછા નહીવત જણાય છે. ઈશ્વર નિર્મિત સમાજ, કુંટુબ અને ગૃહસ્થી જીવન હવે સૌ કોઈની દ્રષ્ટિમાં ઈશ્વર લીલાજ છે. પછી જે તે કુંટુબની પેઢી વિસ્તરે કે ન વિસ્તરે તેનો ફેર પડતો નથી.

અગર જો શહેર કે ગામડાના છેવાડના એવા ઘરો પણ છે કે જેઓ સાધુ, સંતોના, સંતાન હેતુંના નુંસ્ખાને છાને છાને સ્વીકારે છે. પરતું સરવાળે તો એ માત્ર અંધશ્રધ્ધા જ છે અને પુત્રવધુને કે દીકરીને પુત્ર જ જન્મે એવી ઉંડે ઉંડે ઈચ્છા ધરાવતા હોય છે અને એ દ્રષ્ટિકોણ દુર કરવા આજના યુવાનો અને યુવતિઓએ પોતાના શહેર કે ગામડાના અબુધ, આવી વિચારસરણી વાળા કુટુબના સભ્યોને દીકરીનું મહત્વ સમજવવા પોતે મેળવેલ શિક્ષણનો સદઉપયોગ કરવો જરૂરી છે.

દીકરી તો વહાલપનો ભંડાર છે. દીકરી હંમેશા માતા–પિતાને ખરા હદયથી વહાલ કરેછે. પિતાના કે માતાના સ્વાસ્થ્ય અંગે સાસરેથી ખબર અંતર પુછતા પહેલો એક જ પ્રશ્ન કરશે ''માતા–પિતા તમારા બન્નેની તબીયત કેમ છે ?'' અને ઉંમરલાયક ખાસ પિતાને આવવા જવાનું સંભાળવાનું જરૂર રહેશે.

ડાહી પુત્રી ઘણા કિસ્સામાં પોતાના સાસરીયા સબંધી ફરીયાદ નથી કરતી તેમાં તેણીનો હેતું વૃધ્ધ માતા–પિતાના હદયને કૌટુંબીક સમસ્યાની ઠેસ લગાડવાનો નથી હોતો. દીકરી હંમેશા પોતીકો ભાવ લઈ પિયરમાં આવતા લાગણી સભરના સંબધોને પોષે છે.

જે ગૃહસ્થીએ પુત્રીને શિશુવયથી સાસરે ગઈ ત્યાં સુધી પુત્રીના વાત્સલ્યને ધરાઈ ધરાઈ ને પિધુ હશે તે માતા કે પિતા, પુત્રી હોવાના સંતાન ભાવે કેટલા તેમના જીવન સંધ્યાએ ખુશી હશે.

'' દીકરી કુંટુબની પથદર્શિ પગદંડી છે.''

ભવિષ્યમાં પ્રભુતામાં પગલા મુકનારા યુવાનો અને યુવતીઓને આ એક આડકતરી સંજ્ઞા છે કે પુત્રી જન્મે તો લક્ષ્મી આવ્યાનો તમારા હદય મંદિરે ઘંટારવ કરશો અને એ રીતે કન્યા બચાવો એવો સંકલ્પ કરશો.

– કનુભાઈ દવે

## તાલીમ

ખડાધાર મુકામે પીએચસી લેવલ વીએચએસસી સભ્યોની તાલીમ તા. ૨૮–૨૯ દરમ્યાન યોજાઈ.

**દુઃખની પાછળ શોક નહિ, શોધ કરો કે એ કયાથી આવ્યું.**

**ગંગાબા**

જન્મ : ૧૮૬૮ વાવોલ, જિલ્લો : ગાંધીનગર
નિધન : ૨૧ એપ્રિલ ૧૯૩૭
ઓળખ : સમાજ સુધારક

ગંગા બહેનનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં ૧૮૬૮માં વાવોલ(ગાંધીનગરમાં થયો. તેમના પિતા પ્રાણશંકર જાની ગામમાં કારકૂન અને જ્યોતિષ ગંગા બહેનથી એક મોટા બહેન મહાકોર. ગંગા બહેનના જન્મ બાદ ૩ વર્ષે તેમના માતાનું અવસાન થયું.ગંગા બહેનનું ૯ વર્ષની બાળવયે માણસા ગામના શિક્ષક, બીજવર એવા સૂરજરામ જીવતરામ જાની સાથે થયા. લગ્નના ૩ વર્ષ બાદ ગંગા બહેન વિધવા બન્યા. મહાકોરની મદદથી અભ્યાસ શરૂ કર્યો. ગામમાં જ શિક્ષિકા બન્યા. મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં ૩ વર્ષ અભ્યાસ કર્યો. બ્રીટીશ રેસીડેન્ટે તેમના ખંત અને બુધ્ધીની કદર કરી વિકટોરીયા હેડ મિસ્ટ્રેટ તરીકે નિમણૂંક કરી.

ગંગાબા સાસરીયાઓની પજવણી છતાં વિકાસ સાધ્યો. પરંપરાગત રૂઢીના વિરોધી હોઇ સાસરીયાઓની કનડગત રહેતી. ગંગાબા આ ત્રાસથી કંટાળી સાસરાપક્ષથી મળેલી ઓરડીને તાળુ મારી દીધું. કન્યાશાળા પાસે ઘર ભાડે રાખી તેઓ રહેવા લાગ્યા. તેઓ હંમેશા પિતા કે પતિની અટક વગર તેમની પાછળ માત્ર પિતાનું નામ જોડતા. ગંગાબાના સામાજીક વલણ અને વિચારોથી બે પુસ્તીકા પ્રગટ થઇ (૧) વહેમખંડ પોથી (૨) દ્વિતિય નિષેધ. વહેમ ખંડ પોથીમાં, વહેમો, અંધશ્રધ્ધા, બાળલગ્નો, રડવા કૂટવાનો રિવાજ અને શ્રાધ્ધ જેવા અનિષ્ટો સામે આક્રોષ વ્યકત કર્યા છે. દ્વિતિય નિષેધમાં એક કરતા વધું સ્ત્રીઓ સાથે પરણવાના રિવાજ બદલ પુરૂષોની ઝાટકણી કાઢી છે. સ્ત્રીઓને થતા અમાનુષી વર્તન સામે ચાબખા માર્યા છે. ૧૮૯૧માં "હુન્નર વર્ણન" નામનો બૃહદ ગ્રંથ પ્રકાશિત કર્યો. ઉદ્યમ અને ધન આપનારા આ ગ્રંથમાં સાબુ, કાગળ, અગરબત્તિ, ડીટરજન્ટ, દંતમંજન અને બીજી ઔષધો બનાવવાની રીતો બતાવી હતી.

પુસ્તક પ્રકાશનમાં ગંગાબા ઠીકઠીક કામ્યા હશે. પરંતુ સ્ત્રીઓમાં તેઓ લોકપ્રિય બન્યા. માણસામાં સ્ત્રીઓના ગર્ભાશયમાને લગતા રોગોની ચિકિત્સા કરતા "ગર્ભજીવન ઔષધાલય" ની સ્થાપના કરી. ગંગાબા પોતાની મિલકત સગાને બદલે ગર્ભજીવન ઔષધાલયનાં વિકાસ માટે અને કન્યાશાળા તેમજ વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે ગોડવણ કરી. ગંગાબહેન મૃત્યુપર્યંત એકલા જ રહ્યા. માણસાની કન્યાશાળાનું નામ કસ્તુરબા શાળા થયું પરંતુ અહી ગંગાબહેનની તસ્વીર કે વાત નથી. ગર્ભજીવન ઔષધાલય પણ બંધ થયું. હુન્નર ઉદ્યોગને લગતા પુસ્તકો જાણે–અજાણે ગંગાબહેનના પુસ્તકનો ઉપયોગ કરી પ્રકાશીત કરવામાં આવ્યા હશે.

**જીવનમાં દુઃખો અનિવાર્ય છે, પણ દુઃખી બનવું અનિવાર્ય નથી.**

## સમયનો સદઉપયોગ

મિત્રો આપણા સૌનો સમય કેટલો કિમતી છે તેની ખબર છે ? નથી ને ! તો તેને ઓળખો. નાની–નાની વાતોમાં સમય ના વેડફો. જયારે આપણને સમયની કિંમત સમજાય ત્યારે જ જીવનમાં કંઇક કરી શકીશુ અને આગળ વધી શકીશું. સમયને ઘ્યાનમાં રાખી કાર્ય કરશો તો જીંદગીમાં કયારેય પણ પાછા ફરવાની વાત નહિ આવે. કહેવાય છે ને કે સમય બળવાન છે, પણ એજ બળવાન સમયને જો તમે ઓળખી જશો અને સમયની પહેલા કાર્ય કરીશું તો તમે આપો આપ બળવાન બની જશો.

સમય સમય બલવાન હે, નહિ માનવ બલવાન, કાબે અર્જુન લૂટીયો, વહિ ધનુષ્ય વહી બાણ.

મારા મત પ્રમાણે આજની તારીખ સુધી હજુ ઘણા લોકો એવા છે કે જેને સમયનો અંદાજ નથી. "ટાઇમ ઇઝ મની" ઘણા લોકો પોતાનુ જીવન ખોટા ટોળટપ્પામાં, બેસવામાં, ખરાબ અને ખોટા કાર્યોમાં કે ખોટી વાતોમાં વેડફી નાખે છે, પરંતુ એજ સમય જો કોઇ સારા કાર્ય માટે, સમાજ માટે, બીજા કે પોતાની પ્રગતી માટે વાપરે તો આજે કેટલા આગળ હોત ! હજી સમય છે સુતેલા જાગો, જાગેલા ચાલો, ચાલતા હોય તે દોડો અને દોડતા લોકો સમયને ઓળખી જીવનને સમૃઘ્ધ બનાવવા પ્રયત્ન કરો.

(સંકલન : કોમલ જોષી)

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વિચાર્યા વિના વાંચવુ તે પચાવ્યા વિના ખાવા બરાબર છે.**